## જન્મદિને વધામણી



**ભદ્રશિલાબેન ત્રિવેદી**
સામાજિક અગ્રણી
મો. ૯૪૨૬૩ ૫૨૭૮૧



**આશિષ જી બારોટ**
મો. ૯૭૨૩૦ ૦૦૦૧૫



**ભાવના સમીર રામી**
બ્યુટીશિયન, રામી બ્યુટી કેર
મો. ૯૪૨૬૫ ૬૬૨૦૧



**નીલ ગામીત**

# યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગણેશોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં તહેવારોનો માહોલ જોવા મળી રહ્યો છે. આ દરમિયાન અનેક જગ્યાએ ગણેશોત્સવની તૈયારીઓ કરતા યુવાનો પણ નજરે ચડી રહ્યા છે. સેક્ટર-૭ સ્થિત યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

ગણેશોત્સવ નિમિત્તે યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૫ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧.૩૦ કલાકે ભવ્ય શોભાયાત્રા અને ગણેશ સ્થાપના પૂજન કરવામાં આવશે અને રાત્રે ૮.૦૦ કલાકે આનંદનો ગરબો યોજાશે. તા. ૬ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮.૦૦ કલાકે સેક્ટર-૧૬, અંધશાળાના બાળકો દ્વારા ભજનોની રમઝટ બોલાવશે.

તા. ૭ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮.૦૦ કલાકે ૧૦૮ દિવાની મહાઆરતી, નાના ભૂલકાઓની વેશભૂષા તથા સે. ૭માં સારા માર્કસે ઉત્તીર્ણ થયેલા ધો. ૧૦ અને ૧૨ના તેજસ્વી તારલાઓનું સન્માન સમારોહ તેમજ ભજન સંધ્યા યોજાશે. તા. ૮ સપ્ટેમ્બરના રોજ સવારે ૯.૦૦ કલાકે ભવ્ય હોમાત્મક ગણેશયાગ તેમજ સાંજે ૫.૦૦ કલાકે ૧૦૦૮ લાડુની આહુતી તથા ખીચડી પ્રસાદનું વિતરણ કરાશે તથા તા. ૯ સપ્ટેમ્બરના રોજ બપોરે ૩.૦૦ કલાકે રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે આયુર્વેદિક ઔષધમાંથી બનાવેલ ઉકાળાનું મફત વિતરણ કરવામાં આવશે. અને સાંજે ૪.૦૦ કલાકે ગણેશ વિસર્જન કરાશે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવા માટે ટ્રસ્ટના પ્રમુખ ડૉ. યજ્ઞેશ ત્રિવેદી ઉપ પ્રમુખ ડૉ. હાર્દિક તલાટી અને સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# આજે વલ્લભ એરકોન દ્વારા સ્વૈચ્છિક રકતદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

વલ્લભ એરકોન દ્વારા આગામી તા. ૨૯ ઓગષ્ટના રોજ સવારના ૯.૦૦ થી બપોરના ૧.૦૦ કલાક દરમિયાન બ્લોક-એ, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨, કુડાસણ ખાતે સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં અંદાજીત ૫૦૦ બોટલનું સ્વૈચ્છિક રીતે રકતદાન કરવાનું પણ આયોજન કરાયું છે. આ શિબિરમાં રકતદાતાનું રકત તપાસ કર્યા પછી એક રીપોર્ટ આપવામાં આવશે. જેમાં એચઆઈવી-૧ અને એચઆઈવી-૨, ઝેરી કમળો (હિપેટાઈટીસ-બી, હિપેટાઈટીસ-સી), મેલેરીયા, જાતિય રોગ, બ્લડ ગ્રુપ વગેરેનો સમાવેશ કરવામાં આવશે. આ રીપોર્ટ રકતદાતાને જ વિના મૂલ્યે મોકલવામાં આવશે. આ રકતમાંથી પ્લેટલેટ, પ્લાઝમા, રકતકણ, ક્રાયોપ્રેસીપિટેટ છુટા પાડી ચાર વ્યકિતને જીવનદાન આપવામાં આવે છે. આ સેવા કાર્યમાં જોડાવવા સૌ સેવાભાવી નગરજનોને વલ્લભ એરકોન દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા

# જિલ્લાની સાયન્સ ડ્રામા સ્પર્ધા યોજાઈ





ગાંધીનગર, તા. ૨૮

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ગાંધીનગર નેશનલ કાઉન્સિલ ઓન સાયન્સ મ્યુઝીયમ મુંબઈ, નહેરૂ સાયન્સ સેન્ટર મુંબઈ અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગરના સંયુકત ઉપક્રમે સે-૧૨ ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ ૨૦૧૬ અંતર્ગત ગાંધીનગર જિલ્લાની સાયન્સ ડ્રામા સ્પર્ધા યોજાઈ હતી.

આ સાયન્સ ડ્રામા સ્પર્ધામાં નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનીલભાઈ પટેલે વિદ્યાર્થીઓને ડ્રામા સ્પર્ધા માટેના નિયમો વિશે જાણકારી આપી હતી. આ સ્પર્ધામાં જિલ્લાની ૧૪ શાળાઓએ ભાગ લીધો હતો. આ શાળાઓએ વિજ્ઞાનના વિવિધ વિભાગો જેવા કે સ્વાસ્થ્ય, ઉર્જા, પર્યાવરણ, વૈજ્ઞાનિકોના જીવનચરિત્ર, ડીજીટલ ઈન્ડિયા, કલીન ઈન્ડિયા હેલ્ધી ઈન્ડિયા વગેરે વિશે રસપ્રદ નાટકો રજૂ કર્યા હતા.

આ સાયન્સ ડ્રામા સ્પર્ધામાં એમ.બી.પટેલ કન્યા પ્રાથમિક શાળા સે-૨૩નું નાટક 'મને જો આવી ખબર હોત તો...' પ્રથમ ક્રમાંકે વિજેતા બન્યું હતું. દ્વિતિય ક્રમાંકે માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ, સે-૨૧નું નાટક 'સ્વચ્છતા કી ચાવી-હર ઘર શૌચાલય' વિજેતા બન્યું હતું. તૃતીય ક્રમાંકે જલુંદ પ્રાથમિક શાળાનું નાટક 'ડિજીટલ ઈન્ડિયા-એમ્પાવર ઈન્ડિયા' વિજેતા બન્યું હતું. આ ડ્રામા સ્પર્ધામાં નિર્ણાયક તરીકે વિજ્ઞાન પ્રાધ્યાપક અને અમદાવાદના જાણીતા નાટયકાર ડૉ. નરેશ ફીટર, લેખક અને ગાંધીનગરના જાણીતા કાર્યકર મનોજભાઈ શુકલ તેમજ પત્રકાર અને સામાજીક કાર્યકર નીતિનભાઈ પટેલે સેવાઓ આપી હતી તથા ગાંધીનગરના પત્રકાર અને જાણીતા નાટયકાર કુંતલભાઈ નિમાવત પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે વિજેતા ટીમના વિદ્યાર્થીઓને તેમજ ભાગ લેનાર તમામ ટીમના વિદ્યાર્થીઓને પણ સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા. રાજયકક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધામાં એમ.બી. પટેલ શાળા સે-૨૩ની વિદ્યાર્થીનીઓ ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ કાર્યક્રમને સફળ બનાવવા હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલે જહેમત ઉઠાવી હતી.

## ગાંધીનગર જિલ્લા પોલીસનું ગૌરવ

# ડીજીપી કપ એકવાટીક એન્ડ ક્રોસ કન્ટ્રી મીટમાં સાત ગોલ્ડ-પાંચ સિલ્વર મેડલ

ગાંધીનગર, તા. ૨૮

કરાઈ એકેડમી ખાતે તાજેતરમાં યોજાયેલ ડીજીપી કપ એકવાટીક એન્ડ ક્રોસ કન્ટ્રી મીટ ૨૦૧૬માં ગાંધીનગર જિલ્લા પોલીસના એએસઆઈ અને સચિવાલય સંકુલમાં ફરજ બજાવતા શ્રી અશોકકુમાર બી. રાઠોડે ત્રણ ગોલ્ડ અને ત્રણ સિલ્વર મેડલ, જિલ્લા પોલીસ લાઈનબોય શ્રી જયરાજસિંહ એ. રાઠોડે એક ગોલ્ડ અને બે સિલ્વર તથા બહેનોના વિભાગમાં રૂચિસિંહ સુરેશકુમારે ૩ ગોલ્ડ મેડલ મેળવી ગાંધીનગર જિલ્લા પોલીસને ગૌરવ અપાવ્યું છે.







# શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં જન્માષ્ટમી મહોત્સવ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના સે-૨૫માં જીઆઈડીસી ખાતે હરસિધ્ધ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે જન્માષ્ટમીના પર્વની ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડે ઉપસ્થિત રહી વાલીઓને બાળકોમાં બાલકૃષ્ણના દર્શન કરી તેમની સુષુપ્ત શકિતને ઓળખવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે શાળામાં મટકી ફોડ, કૃષ્ણ જન્મોત્સવ, નંદ મહોત્સવ જેવા કાર્યક્રમો ઉપરાંત સાંસ્કૃતિક-મનોરંજક કાર્યક્રમોનું આયોજન વિદ્યાર્થીઓના માધ્યમથી કરી ભક્તિસભર વાતાવરણનું સર્જન કરવામાં આવ્યું હતું. ઉજવણીમાં શાળા પરિવાર સહિત વાલીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.







ગાંધીનગરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શુક્રવારે મેઘરજ તાલુકાની પાંચ સ્કૂલ-મેઘરજ : ૧,૩ મૉડલ સ્કૂલ, કુંભેરા તથા નાથાવાસ સ્કૂલમાં અભ્યાસ કરતા કુલ ૫૧૧ વિદ્યાર્થીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી. બાળકોની આરોગ્ય ચકાસણી બાદ યોગ્ય દવાઓ પણ તેમને આપવામાં આવી હતી. બાળકોનું આરોગ્ય તપાસનાર ડૉ. બોઘાણી અને ડૉ. પંડ્યા દ્વારા આ તમામ વિદ્યાર્થીઓને આરોગ્ય સભાનતા અંગે વિશેષ માહિતી પણ આપવામાં આવી હતી. આ ઉપરાંત કુંભેરા શાળાના વિદ્યાર્થીઓને પૅન્સિલ, બૉલપેન ભેટ આપવામાં આવી હતી. આંગણવાડીનાં ૨૪ જેટલાં બાળકોની તથા તેમના વાલીઓની આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી. બૅન્ક ઑફ ઈન્ડિયાના સૌજન્યથી યોજાયેલા આ સેવાકાર્યમાં સંસ્થા તરફથી શ્રુતિબેન, મૈત્રી, પ્લાક્ષા, ગામેતીભાઈ તથા મિલિન્દભાઈ જોડાયા હતા. સૌ સભ્યોએ પરત ફરતાં માઝમ ડેમની મુલાકાત પણ લીધી હતી.

# અક્ષયપાત્રની બે અબજ જેટલી ભોજન સેવાની સીમાચિહ્નરૂપ સિદ્ધિની રાષ્ટ્રપતિના હસ્તે ઉજવણી




ગાંધીનગર, તા. ૨૮

ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ અક્ષયપાત્ર ફાઉન્ડેશનની મુલાકાત લઈને તેની ૨ અબજ ભોજન સેવાની સીમાચિહ્નરૂપ સિદ્ધિની ઉજવણી કરી હતી. ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ ઈસ્કોન બેંગ્લોર ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કર્ણાટકના રાજયપાલ વજુભાઈ રુડાભાઈ વાળા, કર્ણાટકના મુખ્યમંત્રી સિધારમૈયાહ, કેન્દ્રિય માનવ સંસાધન વિકાસ પ્રધાન શ્રી પ્રકાશ જાવડેકર, પૂર્વ એચઆરડી અને સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રધાન અને સંસધ સભ્ય ડો. મુરલી મનોહર જોષી તથા ઈન્ફોસિસ ફાઉન્ડેશનના શ્રીમતી સુધા મુર્તી ઉપસ્થિત રહ્યાં હતાં. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના આગમન સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો અને ઉપસ્થિત તમામ બાળકોએ સમૂહ પ્રાર્થના ગાયું હતું. રાષ્ટ્રપતિશ્રીએ બે અબજમી ભોજન સેવાના સ્મારકરૂપે સ્થાપત્યનું અનાવરણ કરવાની સાથે શાળાના બાળકોને પ્રતિકરૂપે ભોજન વિતરિત પણ કર્યું હતું. તેમણે કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને પ્રેરક સંબોધન કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત લોકોને સંબોધન કરતાં પ્રણવ મુખર્જીએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમના આયોજન દ્વારા દરેક વ્યક્તિને તાજા અને પોષણયુક્ત મધ્યાહન ભોજનની મહત્વતા અને મજબૂતાઈની પ્રશંસા કરવાની તક મળે છે. તેમણે કર્ણાટકના મુખ્ય પ્રધાન શ્રી સિધારમૈયાની કામગીરીની પણ પ્રશંસા કરી હતી કે જેમના સક્ષમ નેતૃત્વ હેઠળ કર્ણાટક રાજયમાં અક્ષરા ડાસોહા (કર્ણાટક રાજ્ય સરકાર દ્વારા સંચાલિત મધ્યાહન ભોજન કાર્યક્રમ) કાર્યક્રમ સફળ બન્યો છે. તેમણે ક્ષીરા ભાગ્ય યોજનાના પણ વખાણ કર્યા હતાં, જે કર્ણાટક સરકારના મધ્યાહન ભોજન કાર્યક્રમને બળ આપવા માટે નવીન સાધન સાબિત થયું છે. ભારત સરકાર, કર્ણાટક સરકાર અને અન્ય રાજ્ય સરકારોને મધ્યાહન ભોજન કાર્યક્રમના સફળ અમલીકરણ માટે મદદરૂપ બનવા બદલ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ અક્ષરપાત્ર ફાઉન્ડેશનની કામગીરી વખાણી હતી. તેમણે દેશભરમાં અક્ષયપાત્રની ઉપસ્થિતિ જાણીને ખુશી વ્યક્ત કરી હતી તથા ફાઉન્ડેશનના ભાવિ કામગીરીમાં સફળતા મળશે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી. અંતે, તેમણે શિક્ષણ માટે અનલિમિટેડ ભોજન માટે મોટા સ્તરે સામુદાયિક સહભાગીતા ઉપર ભાર મૂક્યો હતો. કર્ણાટકના રાજ્યપાલ વજુભાઈ રુડાભાઈ વાળાએ ફાઉન્ડેશનની કામગીરીને બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, અક્ષયપાત્ર વર્ગખંડમાં બાળકોની ભુખ દૂર કરવામાં મહત્વપૂર્ણ ભુમિકા ભજવી રહ્યું છે અને તે આપણા દેશના બાળકોના જીવનધોરણમાં સુધારો કરવા માટે સક્રિય પ્રયાસો કરી રહ્યું છે.

# અમને રડતાં જોઈ દાદા-દાદી પણ રડી પડેલાં

**સંવેદના**
**યાદ દાદા-દાદીની**

આજે મારી વય ૬૮ વર્ષની થઈ છે, પણ તેમ છતાં 'યાદ દાદા-દાદીની' વિષ જોઈને મને મારાં દાદા-દાદી યાદ આવી ગયાં.

મારાં દાદા-દાદી અમને ખૂબ વહાલ કરતાં. અમે બે બહેનો તેમજ મારા પિતરાઈ ભાઈ-બહેન એમ છ ભાઈ-બહેન વૅકેશનમાં ગામડે રહેવા જતાં અને દાદા-દાદી સાથે ખૂબ મોજ-મસ્તી કરતાં. દરરોજ દાદા મહેસાણા ચાલતા જાય અને અમારા નાસ્તા માટે જુદી-જુદી વસ્તુઓ લેતા આવે. અમે રહીએ એટલા દિવસ તેઓ પણ ખૂબ જ ખુશ રહે. વૅકેશન પૂર્ણ થયે અમે શહેર જવા નીકળીએ કે દાદા-દાદીનો ચહેરો ઊતરી જાય. અમે જઈએ એ એમને ક્યારેય ગમતું નહીં.

મને યાદ છે કે દાદા-દાદી એમના પૌત્ર-પૌત્રીઓને જેટલું વહાલ કરતાં એટલી જ કરુણા પશુ-પક્ષીઓ ઉપર પણ રાખતાં હતાં. મારાં દાદી 'મોતી મા'નો એક પ્રસંગ અહીં ઉલ્લેખવો જ પડે તેમ છે.

મારાં દાદી મહોલ્લાભરમાં ખૂબ દયાળુ, મમતાભર્યા અને ભક્તિભાવવાળાં મહિલા તરીકે જાણીતાં. પક્ષી માટે ચણ નાખવાનું ને પરબમાં પાણી રેડવાનું તેઓ ક્યારેય ન ભૂલે. પક્ષીઓ માટે ચબૂતરો બંધાવી એમણે પાણીની પરબ પણ મૂકાવી હતી અને શ્વાન માટે ચાટ પણ. પક્ષીઓ માટે મહિનાનું ચણ અલગ જ રાખવાનું એવો એમનો અતૂટ નિયમ.

દાદીને એક 'લૂલી શ્વાન' માટે લાંગણી બંધાયેલી. દાદી અચૂક લૂલીને જમાડીને જ જમે. 'લૂલી એ લૂલી, હેંડ જમવા' એવી દાદીની બૂમ પડે કે લૂલી જ્યાં હોય ત્યાંથી દોડતી દાદી કને આવી જાય.

લૂલી દાદીમાની વફાદર પણ એટલી જ. અમારે વૅકેશન પૂર્ણ થયે શહેર તરફ પરત જવાનું હોય ત્યારે વહેલી સવારે પાંચ વાગ્યે મહેસાણા સ્ટેશન જવા નીકળવું પડતું. દાદા અમને મૂકવા આવે, દાદી ન આવી શકે પણ લૂલીને ભલામણ કરીને અમારી સાથે મોકલે. લૂલી અને છેક નદીકિનારા સુધી મૂકવા આવે. નદી ઓળંગીને અમે આગળ ચાલીએ ને લૂલી અમને જોતી ઊભી હોય. અમે દેખાતા બંધ થઈએ પછી જ એ પાછી ફરે ને દાદી પાસે પહોંચી જાય. એટલું જ નહીં, આંખોમાં આંસુ સાથે દાદીને રડવામાં પણ સાથ આપે. અમારી માયા દાદા-દાદી સાથે આ લૂલીને પણ થઈ જતી હશે એ જોઈને અમારુંય હૈયું ભરાઈ આવતું.

દાદા-દાદીને પૌત્રીપ્રેમ માટે પણ યાદ કરવાં જ રહ્યાં. અમે બે બહેનો નાની હતી ત્યારે અમારા પિતાજી નોકરી અર્થે મુંબઈ હતા અને અમારાં માતુશ્રી દાદા-દાદી સાથે રહેતાં. એકવાર માતુશ્રીને સામાજિક કારણોસર બે દિવસ માટે પિયર જવાનું થયું ત્યારે દાદા-દાદીએ અમે એવા તો લાડથી સાચવ્યા કે દિવસભર તો માતુશ્રીની યાદ ન આવી. પરંતુ રાત પડ્યે અમે બંને બહેનો રડવા માંડી. દાદા-દાદીએ અમને શાંત કરવાના પ્રયત્નો તો કર્યા પરંતુ ફાવ્યા નહીં. આખરે અમને હિબકાં ભરતાં જોઈને દાદા-દાદીની આંખોમાં પણ આંસુ આવી ગયા.

દાદાએ પૂછ્યું, 'તમારે શું ખાવું છે ?' હું તો કંઈ ન બોલી પણ મારી નાની બહેન બોલી ગઈ, 'લાડુ.' દીકરીઓ રડે તે દાદાને પોસાય તેવું નહોતું. એમણે ફાનસ પેટાવ્યું ને એના અજવાળે બે ભાખરી કરી તેનું ચૂરમું બનાવી ઘી, ગોળ નાંખીને લાડુ બનાવીને અમને ખવડાવ્યા. એ પછી અમે સૂતાં ને એ પછી દાદા-દાદી.

સામાજિક કામોમાં પણ દાદા અગ્રેસર રહેતા. વાલ્મિકી સમાજ માટે તો તેઓ અન્નદાતા હતા. મહોલ્લામાં પણ તેઓ ખૂબ પ્રિય હતા. નાની બીમારીઓની દવાઓ ઘરમાં જ રાખતા, કોઈને જરૂર પડે કે દાદા સારવાર માટે તૈયાર જ હોય.

દાદા અમારી જ્ઞાતિના આગેવાન પણ રહી ચૂક્યા હતા.

આજે એમના પ્રસંગો યાદ કરીને એમને સાચી શ્રદ્ધાંજલિ પાઠવી શકાઈ છે એવું મને લાગે છે.

**- સવિતાબેન સુશીલ**
**સેક્ટર-૧ બી**